વઢવાણના મહે. જયુડી.મેજી.ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં, મુ.વઢવાણ

<u>ફોજદારી કેસ નં. ૩૭૧/૨૦૨૬</u>

શ્રી સરકાર. ...ફરીયાદી.

-: વિરૂદ્ધ :-

(૧) દેવરાજ સ/ઓ હર્ષદભાઈ ભુદરભાઈ વાઘેલા,ઉ.વ.૨૨.
રહે . સુ.નગર, સંતોષપાર્ક સોસાયટી, જી.આઈ.ડી.સી વિસ્તાર-૪,
તા.વઢવાણ. ...આરોપી.

ગુનો ::- બી.એન.એસ ની કલમ ૬૪(૨)(એમ) તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી અધિનિયમ ૨૦૦૦ ની કલમ ૬૬ઈ, ૬૭, ૭૨ મુજબ.

-:: *<u>આંક-૧ લગત કમીટલ હુકમ</u>* ::-

આ કામના આરોપી વિરૂદ્ધ સુરેન્દ્રનગર સીટી બી ડીવીઝન પો સ્ટે તરફથી બી.એન.એસ ની કલમ ૬૪(૨)(એમ) તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી અધિનિયમ ૨૦૦૦ ની કલમ ૬૬ઈ, ૬૭, ૭૨ મુજબના ગુનાનું ચાર્જશીટ મુકવામાં આવેલ છે.

આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ની કલમ-૨૩૦ અન્વયે ચાર્જશીટ તથા પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલ છે અને તે અંગે ચાર્જશીટમાં સહી લેવામાં આવેલ છે. આરોપી હાલ જામીન મુકત છે.

આ કામના આરોપી સામે બી.એન.એસ ની કલમ ૬૪(૨)(એમ) તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી અધિનિયમ ૨૦૦૦ ની કલમ ૬૬ઈ, ૬૭, ૭૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલાનો આક્ષેપ છે. સદર ગુનાની ટ્રાયલ ચલાવવાની હકૂમત માત્ર નામ. સેશન્સ અદાલતને રહેલી છે અને અત્રેની અદાલતને હકૂમત નથી. જેથી, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ - ૨૩૨ અન્વયે સદર કેસ નામ. સેશન્સ જજ સાહેબશ્રી, સુરેન્દ્રનગરની અદાલત તરફ કમીટ કરવા સારૂ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-// <u>હુકમ</u> //-

(૧) આથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ - ૨૩૨ અન્વયે આરોપી વિરૂદ્ધ નોંધાયેલ બી.એન.એસ ની કલમ ૬૪(૨)(એમ) તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી અધિનિયમ ૨૦૦૦ ની કલમ ૬૬ઈ, ૬૭, ૭૨ મુજબના શિક્ષાપાત્ર ગુનાનો કેસ ન્યાયીક નિર્ણય અને નિકાલ સારૂ નામ. સેશન્સ જજ સાહેબશ્રીની અદાલત સુરેન્દ્રનગર સમક્ષ કમીટ કરવામાં આવે છે.

(૨) સદરહું કેસનું તમામ રેકર્ડ, મુદ્દામાલ અને પ્રોસીડીંગ્સ નામ. સેશન્સ અદાલત, સુરેન્દ્રનગર તરફ મોકલી આપવુ.

(૩) આરોપીઓએ પોતાના બચાવ માટે સ્વખર્ચે વકીલ રોકવા માંગતા હોવાનું પોતાના નિવેદનમાં જણાવેલ છે. આરોપીઓને મુદત તારીખ ૩૦/૦૩/૨૦૨૬ ના રોજ નામ. સેશન્સ ન્યાયાલય, સુરેન્દ્રનગર સમક્ષ રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે. સદરહું કેસ કમીટ થયા અંગેની જાણ સરકારી વકીલશ્રી, સુરેન્દ્રનગરનાઓને કરવી.

આ હુકમ આજરોજ તારીખ ૧૭ મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

તારીખ : સદર
સ્થળ : વઢવાણ

(જે.પી.પ્રજાપતિ)
જયુડી.મેજી.ફ.ક., વઢવાણ
કોડ નં. જીજે-૦૧૬૦૮